આસામ-આંધ્રપ્રદેશની બે ગુમસુમ યુવતિઓ આખરે માદરે વતન પહોંચી !

બેકારી અને આર્થિક તંગીથી ત્રસ્ત યુવતિઓ રોજગારી માટે ગુજરાતમાં આવી હતી : નારી સંરક્ષણ ગૃહ અને પોલીસે ઉત્કૃષ્ટ કામગીરી કરી

ગાંધીનગર, તા. ૨૫

મહીલાની સલામતીના મુદ્દે દેશના ખૂણે ખૂણે જનઆક્રોશ પ્રબળ બની રહ્યો છે. આજના હાઈટેક અને એજ્યુકેટ યુગમાં પણ અમાનુષી અત્યાચારનો શિકાર બનતી મહીલાઓના વરવા કિસ્સાઓના પરિણામે સ્ત્રી શક્તિના સન્માનની ભાવના લુપ્ત થતી હોવાની બાબતે શિક્ષિત સમાજની ચિંતા ઘેરી બની છે. આવા સંજોગોમાં બેકારીથી ત્રસ્ત દીશાવિહીન બનેલી બે યુવતિઓને નારી સંરક્ષણ ગૃહે પ્રેમ અને વાત્સલ્ય પુરૂ પાડી સલામતીપૂર્વક માદરે વતન પહોંચાડવાનું ઉમદા કાર્ય કરી સમાજ માટે ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

રોજગારી મેળવી ગુજરાન ચલાવવા માટે આંધ્રપ્રદેશ અને આસામથી ગુજરાતમાં આવેલી બે યુવતિઓને પોતાના વતન સુધી સલામત પહોંચતી કરવા ગાંધીનગર નારી સંરક્ષણ ગૃહે સરાહનીય કામગીરી કરી છે. તા. ૧૯ નવેમ્બર વર્ષ ૨૦૧૨ના રોજ સે. ૭ પોલીસ દ્વારા આંધ્રપ્રદેશની શિવકુમારી મુસલૈયા ધોબી નામની યુવતિને ગાંધીનગર નારી સંરક્ષણ ગૃહને સોંપવામાં આવી હતી. માત્ર તેલુગુ ભાષા જ જાણતી આ યુવતિ વિશે કોઈપણ જાણવુ નારી સંરક્ષણ ગૃહ માટે મુશ્કેલ બન્યું હતું. ત્યારબાદ શહેરની વિવિધ ભાષાની જાણકાર મહીલાઓનો સંપર્ક કરી આ દિશા ભુલેલી યુવતિ ગુજરાતમાં રોજગારી મેળવવા આવી હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. આંધ્રપ્રદેશના બાવરલા ગામમાં રહેતી આ યુવતિને વતન પહોંચાડવા સંસ્થાના શર્મિષ્ઠાબેન દવે તેમજ પલ્લવીબેન ગુપ્તેએ આંધ્રપ્રદેશની મહીલા અભ્યુદયા સમિતિના ચેરમેન સાથે સંપર્ક કરી જિલ્લા પોલીસ વડાની મદદથી પોલીસ પ્રોટેકશન સાથે નિરાધાર યુવતિને એક વર્ષના અંતે પોતાના વતન સુધી પહોંચતી કરવાનું ઉમદા કાર્ય પૂર્ણ કરાયું હતું. બીજી તરફ આર્થિક સ્થિતિથી તંગ આવી પોતાના નાના દિકરાને માતા પાસે મુકીને આસામથી ગુજરાત આવેલી પલ્લવી ભગવાનભાઈ બનીયા પણ તા. ૩ જૂન ૨૦૧૩ના રોજ સે. ૧૬ પોલીસ સ્ટેશન મારફતે નારી સંરક્ષણ ગૃહમાં આવી પહોંચી હતી. બેકારીથી ત્રસ્ત આ યુવતિ પણ રોજગારી મેળવવા બહેનપણીની સાથે ગુજરાત આવી હોવાનું સ્પષ્ટ થયું હતું. સંસ્થા દ્વારા આ યુવતિનું પાકુ સરનામુ મેળવી પોલીસની મદદથી સલામત રીતે આસામ મોકલી દેવાઈ હતી. ગાંધીનગર નારી સંરક્ષણ ગૃહે ઘર વગરની નિરાધાર મહિલાઓને પોતાના વતન સુધી પહોંચાડવાની નૈતિક જવાબદારી સ્વીકારી સમાજમાં નારી સન્માનની ભાવના વધુ મજબુત બનાવવાનું ઉદાહરણ પુરૂ પાડ્યું છે. અતિથિ દેવો ભવની જેમ આ બન્ને યુવતિઓ માટે નારી સંરક્ષણ ગૃહ સ્વજન ગૃહ બની રહ્યું હતું.

પ્રજાસત્તાક દિન પૂર્વે પણ મહાનુભાવોની પ્રતિમાઓની સફાઈ કરવાનું વિસરાયું

નિર્મળ નગરના સોહામણા અભિયાન બાદ પણ સેક્ટરોમાં ગંદકીના બિહામણા દેશ્યો !

ગાંધીનગર, તા. ૨૫

શહેરમાં નિર્મળ નગરના સોહામણા અભિયાનના નામે સફાઈના બણગા ફુંકવામાં આવે છે ત્યારે સેક્ટરોના આંતરિક વિસ્તારમાં ખદબદતી ગંદકીએ આ નાટકીય ઝૂંબેશને બેનકાબ કરી દીધી છે. પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ પણ શહેરમાં વિવિધ ઠેકાણે નિર્માણ કરાયેલી મહાનુભાવોની પ્રતિમાઓની સફાઈ કરવાનું વિસરાયું છે.

(તસવીર : દિપક જાની)

રાજ્યના પાટનગરમાં સફાઈ કામગીરીના નામે મીંડુ છે. છેલ્લા ચાર દાયકાના અંતે પણ શહેરમાં અસરકારક સફાઈ વ્યવસ્થા ન ગોઠવાતા જાહેર સ્થળો ઉપરાંત સેક્ટરોના આંતરિક માર્ગો પર ઉકરડા અસ્તિત્વમાં આવ્યા છે. બીજીતરફ શહેરમાં નિર્મળ ગુજરાત અન્વયે સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે, પરંતુ નગરને નિર્મળ બનાવવાની આ ઝુંબેશ પણ અસરકારક પુરવાર ન થઈ હોવાનું સ્પષ્ટ થયું છે. બીજીતરફ શહેરમાં વિવિધ ઠેકાણે સ્થિત મહાનુભાઓની પ્રતિમાઓ ઉપર પણ ધૂળ ચઢી ગઈ છે. ઘ-૫ સ્થિત રવિશંકર મહારાજની પ્રતિમાની પણ યોગ્ય સમયે સફાઈ થતી નથી. સામાન્ય રીતે મહાનુભાવોની જન્મજયંતિ નિમિત્તે જ આ પ્રતિમાઓની સફાઈ થતી હોય છે. આ મામલે અગાઉ શહેર વસાહત મહામંડળ દ્વારા ચોક્કસ સમયે પ્રતિમાઓની યોગ્ય સફાઈ થાય તે માટે જવાબદારી નક્કી કરવા પણ રજુઆત કરવામાં આવી હતી. આમ છતાં આ મામલે કોઈ વ્યવસ્થા ગોઠવાતી નથી. છેલ્લા કેટલાક સમયથી તંત્રએ નિર્મળ નગરનું સોહામણુ અભિયાન હાથ ધર્યું છે. પરંતુ પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ પણ પ્રતિમાઓને સ્વચ્છ રાખવાનું વિસરાયું હતું !!

સર્વજ્ઞાતિ પસંદગી પત્રિકાનું વિમોચન

ગાંધીનગર, તા.૨૫

સૌરભ સામાજીક વિકાસ સંસ્થા દ્વારા સૌરભ સર્વ જ્ઞાતિ જીવનસાથી પસંદગી પત્રિકાનું વિમોચન કરવામાં આવશે.

રાજ્યના યુવક યુવતિઓને યોગ્ય જીવનસાથી મળી રહે તે હેતુસર સૌરભ સામાજીક સંસ્થા યોગ્ય પાત્રની પસંદગી કરવામાં સહભાગી બનશે. સંસ્થા દ્વારા લગ્નોત્સુક યુવક યુવતિઓ પાસેથી પોતાની સંપૂર્ણ વિગતો સાથે સંસ્થાનો સંપર્ક કરવા એમ.કે. ચૌહાણે જણાવ્યું છે.

માસિક બેઠક

સિનિયર સિટીઝન કાઉન્સિલની માસિક સભા તા. ૩૦ જાન્યુઆરીના રોજ સાંજે ૪-૦૦ કલાકે સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજવાડી સેક્ટર-૭ ખાતે યોજવામાં આવનાર છે. તેમજ ૩૦ જાન્યુઆરી ગાંધી નિર્વાણ દિન હોવાથી ગાંધીજીએ આપેલી રાષ્ટ્ર નિર્માણની ચાવીઓ વિષય પર ગાંધીવાદી મનસુખભાઈ સલ્લા વકતવ્ય આપશે. સભામાં સંસ્થાના સભ્યોએ હાજર રહેવા મંત્રી મહેન્દ્રભાઈએ અનુરોધ કર્યો છે.

આડેધડ ખોદકામમાં કેબલ કપાતા વીજળી બોર્ડને નોટીસ

ટેલીફોન વિભાગ દ્વારા નોટીસ અપાઈ ખોદકામગીરી દરમિયાન છાશવારે કેબલો કટઓફ થતા હોવાની ફરિયાદો

ગાંધીનગર, તા. ૨૫

શહેરમાં આડેધડ ખોદકામગીરીના લીધે કેબલ કપાતા છાશવારે ટેલીફોન સેવા ઠપ્પ થઈ જતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામે છે. આ મામલે ટેલીફોન વિભાગ દ્વારા ટોરેન્ટ તેમજ વિજળીબોર્ડને નોટીસ ફટકારવામાં આવી છે. જેમાં હવે સંબંધિત એજન્સી બેદરકારી દાખવશે તો નુકશાનીની રકમ વસુલવા સુધીના પગલા લેવાશે તેમ પણ જણાવાયું છે.

શહેરમાં પાણી-ગટર તેમજ વીજળી અને ગેસ લાઈન સહીતના કામો સંદર્ભે મુખ્ય માર્ગો આસપાસ તેમજ સેક્ટરોના આંતરિક વિસ્તારમાં ખોદકામ હાથ ધરવામાં આવે છે. જ્યારે આ ખોદકામગીરીના અંતે યોગ્ય માટીપુરાણ ન થતા પણ સ્થાનિક રહીશો માટે સમસ્યા ઉજભવતી હોય છે. બીજીતરફ ખોકદાકામની અણધડ કામગીરીના લીધે જરૂરી સેવાના કેબલ કટઓફ થતા હોવાથી નાગરિકોને હાલાકી વેઠવી પડે છે. થોડા સમય અગાઉ જ સે. ૩માં ગટરલાઈનના ખોદકામ દરમિયાન ટેલીફોનો કેબલ કપાતા સેક્ટરમાં ૩૦૦ જેટલા ફોન મુંગા થઈ ગયા હતા. ગત ૨૩ જાન્યુઆરીના રોજ યોજાયેલી ટેલીફોન અદાલત દરમિયાન પણ શહેરના અગ્રણીઓએ આ મામલે વિભાગને ફરિયાદ કરી હતી. ટેલીફોન અદાલતમાં ગ્રામ્ય વિસ્તારમાં પણ ફોન બંધ રહેતા હોવાની વ્યાપક ફરિયાદો રજૂ થઈ હતી. જો કે ખોદકામગીરીના અંતે કેબલો કપાવવાની ફરિયાદોના અનુસંધાને ટેલીફોન વિભાગ દ્વારા ટોરેન્ટ તેમજ વીજળીબોર્ડને નોટીસ આપાવામાં આવી છે. જ્યારે કેબલને નુકશાની થાય તો પૈસા વસુલવા સુધીના પગલા લેવાશે તેમ પણ જણાવ્યું છે.

શહેરના વિવિધ ૧૦ સેકટરોમાં આવાસ રીનોવેશનનું કામ શરૂ થશે

ગાંધીનગર, તા.૨૫

શહેરના વિવિધ ૧૦ સેકટરોમાં 'ચ' અને 'છ' કક્ષાના સરકારી આવાસોના મજબૂતીકરણનું ટૂકમાં કામ શરૂ થશે. આવાસોને નવારૂપરંગ આપવા અંદાજિત રૂ. ૧૮ કરોડનો ખર્ચ થશે.

શહેરના સેકટરોમાં સ્થિત સરકારી આવાસો જાળવણીના અભાવે તદ્દન કંગાળ હાલતમાં છે. કર્મચારીઓને માથે સલામત છત નસીબ ન થતા પ્રબળ આકોશ પ્રવર્ત્યો છે. સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના ૧૬ હજાર આવાસો પૈકી ૧૯૦૪ મકાનો નિકાલ હેઠળના જાહેર કરાયા બાદ આ આવાસો તબકકાવાર તોડી પાડવા કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. બીજી તરફ દાયકાઓના અંતે બિસ્માર બનતા આવાસોને મરણપથારીએથી બેઠા કરવા રીનોવેશન માટે તબક્કાવાર ખર્ચની જોગવાઈ મુજબ કામગીરી હાથ ધરવામાં આવે છે. સેકટરોમાં સ્થિત અકસરોના બંગલાને નવા રૂપ રંગ આપવા અત્યાર સુધી કરોડોનો ખર્ચ કરવામાં આવ્યો છે જયારે નવા બંગલા બાંધવા માટે પણ મોટો ખર્ચ થયો છે. આવા સંજોગોમાં કર્મચારીઓને માથે સલામત છત મળે તે માટે વસાહતીઓમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે. સૂત્રોના જણાવ્યા મુજબ શહેરના સે-૨૨, ૨૩, ૨૮, ૨૯ તેમજ સે-૧૬, ૧૭ અને સે-૧૨ અને સે-૨૧, ૩૦ અને સે-૮માં ચ અને છ કેટેગરીના આવાસોનું મજબૂતીકરણ હાથ ધરાશે. આ ઉપરાંત જી અને જી-૧ કક્ષાના મકાનોનું પણ રીનોવેશન કરાશે. આવાસ મજબૂતીકરણની યોજના અન્વયે અંદાજિત રૂ. ૧૮ કરોડનો ખર્ચ થશે.

કલા-કૌશલ્ય ડ્રોઈંગ સ્પર્ધા

સેક્ટર-૭ સ્થિત પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે કલા કૌશલ્ય દ્વારા હેઠળ ડ્રોઈંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં કોલેજની ૨૦ વિદ્યાર્થિનીઓએ ચિત્ર કલામાં પોતાનું કૌશલ્ય બતાવ્યુ હતું. જેમાં ઉત્કૃષ્ટ ચિત્ર બનાવનાર પૂનમ ગોઝિયા પ્રથમ, નિલમ હાડા બીજો, હિના મેસરીયા અને પ્રિન્સી ભગત સંયુક્ત ત્રીજા નંબરે રહ્યા હતા. ભાગ લીધેલ વિદ્યાર્થીઓને પ્રિન્સીપાલ અને કોલેજ પરિવારે બિરદાવી હતી.

જી.પી.પી.ના નવા અધ્યક્ષ ગોરધન ઝડફીયાનું પાકીટ ચોરાઈ ગયું..!

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત પરીવર્તન પાર્ટી (જીપીપી)ના નવા અધ્યક્ષ ગોરધનભાઈ ઝડફીયાનો ગાંધીનગર સે. ૧૭ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ઓડીટોરીયમમાં કાર્યક્રમ ચાલી રહ્યો હતો તે દરમ્યાન કોઈ ખિસ્સાકાતરૂ શખ્સ હાથ સાફ કરી ગયો હતો. ગોરધન ઝડફીયાના ખિસ્સામાંથી રૂ. ૩ હજાર રોકડા તથા એટીએમ કાર્ડ ભરેલુ પાકીટ ચોરી થઈ જતા સે. ૨૧ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે ચાલી રહેલા કાર્યક્રમ દરમ્યાન બપોરના અરસામાં કોઈ શખ્સે ગોરધન ઝડફીયાના ખિસ્સાને નિશાન બનાવી લીધુ હતુ. રૂપિયા ભરેલુ પાકીટ ચોરી કરીને ખિસ્સા કાતરૂ શખ્સ સરકી ગયો હતો. પાકીટમાં રૂ. ૩ હજાર રોકડા, જરૂરી કાગળો હતા. આ બનાવ અંગે નવા અધ્યક્ષ રોરધનભાઈ માવજીભાઈ ઝડફીયાની ફરીયાદને આધારે સે. ૨૧ પોલીસે ગુનો દાખલ કરી પીએસઆઈ પરમારે વધુ તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે ગોરધન ઝડફીયા ગુજરાત રાજ્યના પૂર્વ ગૃહમંત્રી રહી ચુકેલા છે.

ગાંધીનગર જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા ધણપ પ્રાઈમરી સ્કૂલ ખાતે સાયન્સ કોલેજ ગ્રુપ કેમ્પના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને સાથે રાખીને ટ્રાફીક અવેરનેસ કેમ્પ કરવામાં આવ્યો હતો. જેમાં ટ્રાફિક નિયમો અને તેને સમજવાના હેતુસર તૈયાર કરાયેલી ૫૦૦ પત્રીકાઓ અને બુકલેટ તમામ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

સુરાજ્યની પોકળ વાતો ભાજપના આગેવાનો કરી રહ્યા છે : પિન્કી પટેલ

પાટનગરમાં જ મહિલાઓ સલામત નથી

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતમાં સુરાજ્યની વાતો ગોબેલ્સ પ્રચારનો ભાગ હોવાનો આક્ષેપ ગાંધીનગર મહાનગરપાલિકાના કાઉન્સીલર શ્રીમતિ પીન્કીબેન પટેલે કર્યો છે. રાજ્યમાં કથળતી જતી કાયદો-વ્યવસ્થાની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરતાં શ્રીમતિ પટેલે જણાવ્યું છે કે પાટનગરમાં જ તસ્કરરાજ પ્રવર્તી રહ્યું છે. ધોળે દહાડે બહેનોના અછોડા તુટવાની ઘટનાઓ નિત્યક્રમ બની રહી છે.

તેમણે જણાવેલ છે કે, ગુજરાત સરકારના અણધડ વહીવટ કરવાને કારણે ગુજરાતમાં આજે બેફામ ગુંડાગીરી અને લુંટફાટના કેસ બની રહ્યા છે. છેલ્લા પંદર દિવસમાં સમગ્ર ગુજરાતમાં બે જવેલર્સની હત્યા કરી લૂંટ ચલાવવામાં આવી તેમજ ગુજરાત સરકારના બીરસામુંડા ભવનના કોન્ટ્રાક્ટ બેજ કર્મચારી દ્વારા ૧૧.૪૭ કરોડનું કૌભાંડ કરવામાં આવ્યું. શું આ વધુ થઈ રહ્યું છે એટલે આપના દેશના ભાજપના પી.એમ. ઉમેદવાર બહારના રાજ્યોમાં છપ્પનની છાતીની વાત કરી રહ્યા છે કે, આવુ તો અમારા રાજ્યમાં જ થાય બીજા કોઈ રાજ્યમાં શક્ય નથી.

વધુમાં ગુજરાત સરકારના લગભગ તમામ બોર્ડનિગમો તેમજ કચેરીઓમાં હંગામી કર્મચારીઓ રાખી ગુજરાત સરકારનો વહીવટ થઈ રહ્યો છે. જેના કારણે આવા કેટલાય કિસ્સા બનતા રહે છે, પરંતુ પ્રકાશમાં આવતા નથી. તેને દબાવી દેવામાં આવે છે. શું આને સ્વર્ણિમ ગુજરાત કહેવાય ? શું આને સુ-રાજ્ય કહેવાય ? મારે આમ જનતાને પુછવું છે કે, શું આપણે આવા લોકોને આપણા દેશની બાગડોર સોંપવા માંગીએ છીએ ?

યોગ્ય પાર્કીંગ વ્યવસ્થા મામલે

કોમર્શીયલ કોમ્પલેક્ષના સંચાલકો દ્વારા પોલીસની નોટીસ બાદ પણ 'નો રીસ્પોન્સ'...!

આ ગંભીર પ્રશ્નને લઈને ગુડાના અધિકારીઓ સાથે નજીકના દિવસોમાં બેઠક કરાશે : ડીએસપી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં કોમર્શીયલ કોમ્પલેક્ષ પાસે પાર્કિંગની શિરદર્દ સમાન બની ગયેલી સમસ્યાના ઉકેલ માટે જિલ્લા પોલીસ વડા દ્વારા તમામ કોમ્પલેક્ષોના સંચાલકોને નોટીસો ફટકારવામાં આવી છે. જો કે આ નોટીસ બાદ પણ સંચાલકોના પેટનું પાણી હાલ્યું નથી. નોટીસની ઐસી કી તેસી કરીને બેઠેલા સંચાલકોને પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરાવવાનું ભાન કરાવવા ગુડાના અધિકારીઓ સામે ૨૬ જાન્યુઆરી બાદ ડીએસપી બેઠક યોજશે.

કોમર્શીયલ કોમ્પલેક્ષો બહાર આડેધડ થતા પાર્કીંગને રોકીને ટ્રાફીક સમસ્યા હળવી કરવા નિયમ મુજબ કોમ્પલેક્ષની હદમાં પાર્કીંગ વ્યવસ્થા ઉભી કરવાનું સુચન કરતી નોટીસ ગાંધીનગર એસપી શરદ સિંઘલે તમામ કોમ્પલેક્ષ સંચાલકોને આપી છતા તેની દરકાર પણ લીધા વિના કોઈ સંચાલકે તે દિશામાં વિચારણા કરી ન હોય તેમ લાગી રહ્યું છે. જેને પગલે આ બાબતને ગંભીરતાથી લઈને યોગ્ય પગલા ભરવા ગુડાને ડીએસપી દ્વારા સુચન કરવામાં આવશે અને ૨૬મી જાન્યુઆરી બાદ ગુડાના અધિકારીઓ સાથે બેઠક ગોઠવીને કડક અમલવારી કરાવવા સુચન કરવામાં આવશે.

ચિલોડા વિસ્તારમાં 'આપ' દ્વારા સભ્ય નોંધણી ઝુંબેશ વેગવંત બની

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથકે 'આપ' પાર્ટી દ્વારા કાર્યલયનો શુભારંભ થતાં ગાંધીનગરની ટીમ ૮-બી પંચતીર્થ કોમ્પલેક્ષ સેક્ટર-૧ ગાંધીનગરની અગ્રણી કાર્યકરો માથે સફેદ ટોપી ધારણ કરી નોંધણી ઝુંબેશ અર્થે આવી પહોંચી હતી. આ સાથે મગોડી ટીમ રવાના થયા બાદ મગોડી ગામે બિહોલા મહિપતસિંહ બળદેવસિંહની આગેવાની હેઠળ ૧૦૦ થી વધુ કાર્યકરોની ઉપસ્થિતિમાં કાર્યાલય ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. ત્યારબાદ ગાંધીનગરની ટીમ ડભોડા ગામે નોંધણી ઝુંબેશ તથા સંપર્ક અર્થે પહોંચી હતી.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૨
સૂર્યાસ્ત : ૬.૧૪

તાપમાન

મહત્તમ : ૨૬.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૪.૪ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૩ ટકા ● સાંજે ૬૫ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
જયહો : ૯.૪૫, ૧૨.૫૫, ૪.૫, ૭.૧૫, ૧૦.૨૫
: સ્ક્રીન-૨ :
જયહો : ૮.૩૦, ૧૧.૩૦, ૨.૪૦, ૫.૫૦, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
જયહો : ૧૨.૧૫, ૩.૨૫, ૬.૩૫, ૯.૪૫
: સ્ક્રીન-૪ :
જયહો : ૧૦.૪૫, ૫.૫, ૮.૧૫
યારીયાન : ૧.૫૫

સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
જયહો : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
: સ્ક્રીન-૨ :
યારીયા : ૩.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
વન ટાયરેકશન (અંગ્રેજી) ૩ડી : ૧૨.૪૫, ૬.૪૫
શોલે-૩ડી : ૩.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૪ :
જયહો : ૧૦.૦૦, ૧૨.૪૫, ૬.૪, ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
જયહો : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦
: સ્ક્રીન-૨ :
જયહો : ૧૦.૩૦, ૧.૩૦, ૫.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
જયહો : ૧૧.૩૦, ૮.૩૦, ૯.૩૦
યારીયાન : ૨.૩૦

સૂર્યા, વાવોલ

કરલે પ્યાર કરલે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
જયહો : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
જયહો : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
જયહો : ૧૧.૦૦, ૭.૩૦, ૧૦.૩૦
યારીયાન : ૨.૦૦ ૪.૩૦

વિરાગ સિનેમા(કલોલ)

કરલે પ્યાર કરલે : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : માનસિક શાંતિ જાળવી રાખવી. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં આવનારા તનાવ અને વિઘ્નો સમાપ્ત થવાના યોગ બની રહ્યા છે. જોખમી કામોમાં સાવચેતી રાખવી.

વૃષભ : પ્રયત્ન અને પરિશ્રમનું યોગ્ય ફળ પ્રાપ્ત મળી શકશે. માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે. વ્યાપાર-વ્યવસાય સારો ચાલશે.

મિથુન : સામાજિક ક્ષેત્રોથી લાભ. આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજ્યપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. લગ્નઈચ્છુકો માટે લગ્નનાં પ્રસ્તાવ આવશે. ધાર્મિક કાર્યો થશે.

કર્ક : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ. ખર્ચ પ્રવાસનો યોગ. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે. ઈચ્છાઓની પૂર્તિ થઈ શકે છે.

સિંહ : સાહસનો લાભ મળી શકશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

કન્યા : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

તુલા : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

વૃશ્ચિક : મતભેદોથી દૂર રહીને શાંતિથી કાર્ય કરવું. પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

ધન : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે. અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

મકર : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યનો યોગ.

કુંભ : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ. નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

મીન : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું.

ચિરવિદાય

- સ્વ. ચંપાબેન બળદેવભાઈ વ્યાસ (ઉ.વ. ૮૫) મુ.પો. ચિલોડા, તા., જિ. ગાંધીનગર
- સ્વ. ભરતજી અમાજી ઠાકોર (ઉ.વ. ૩૫) મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર